ભરૂચ



વ્યારા



# ભરૂચમાં ‘જય જગન્નાથ’નો નાદ ગૂંજ્યો

**ભરૂચ**, અંકલેશ્વર અને ઝઘડિયામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભક્તો ઊમટ્યા

**ઠેર** ઠેર યજ્ઞ, ભજન અને મહાપ્રસાદીનાં આયોજનો કરવામાં આવ્યાં



ભરૂચ, અંકલેશ્વર, ઝઘડિયા: અષાઢી બીજના પાવન પર્વે ભરૂચ, અંકલેશ્વર અને ઝઘડિયામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાઓ પરંપરાગત શ્રદ્ધા અને ઉલ્લાસભેર નીકળી હતી. આ પ્રસંગે સમગ્ર જિલ્લામાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.

અંકલેશ્વરના ભરૂચી નાકા સ્થિત હરિદર્શન ટાઉનશિપ ખાતેથી છેલ્લા ૨૪ વર્ષની પરંપરા મુજબ સવારે ૧૧ વાગ્યે રથયાત્રા પ્રસ્થાન થઈ હતી, જે નગરના વિવિધ વિસ્તારોમાં ફરી મંદિરે પરત ફરી હતી. ભરૂચ શહેરની આશ્રય સોસાયટી સ્થિત ઉડિયા સમાજના મંદિરથી ૨૧મી રથયાત્રા વાજતેગાજતે નીકળી હતી. આ પ્રસંગે ધારાસભ્ય રમેશ મિસ્ત્રી સહિતના રાજકીય-સામાજિક આગેવાનો અને સંતોની ઉપસ્થિતિમાં મહાઆરતી બાદ રથયાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું. અંકલેશ્વર GIDCમાં ઈસ્કોન મંદિર અને ઓરિસ્સાવાસી સમુદાય દ્વારા પણ રથયાત્રા યોજાઈ હતી.

બીજી તરફ ભરૂચના ફુરજા વિસ્તારના પ્રાચીન મંદિરેથી સમસ્ત ભોઈ પંચની ૨૫૦ વર્ષથી વધુ જૂની ઐતિહાસિક રથયાત્રા સાંજે નીકળી હતી. ઝઘડિયામાં પણ હનુમાનજી મંદિરથી લાડવાવડ મંદિર સુધી રથયાત્રા યોજાઈ હતી. માન્યતા અનુસાર અષાઢી બીજે અક્રુરજી બાળ કૃષ્ણને રથમાં બેસાડી ગોકુળથી મથુરા લાવ્યા હતા, ત્યારથી આ ઉત્સવ ઉજવાય છે. આ પર્વે યજ્ઞ, ભજન અને મહાપ્રસાદીનાં આયોજનો થયાં હતાં તેમજ રૂટ પર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સ્ટોલ્સ ઊભા કરાયા હતા. શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે એ માટે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## વ્યારા-સોનગઢમાં ભક્તિભાવપૂર્વક ભગવાન જગન્નાથજીની રથયાત્રાની નીકળી

વ્યારા, સોનગઢ, કુકરમુંડા: તાપીમાં જિલ્લા મથક વ્યારામાં ગતરોજ અષાઢી બીજ નિમિત્તે આયોજિત 11મી વખત ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી. આ રથયાત્રા વ્યારા નગરના ફડકે નિવાસ સ્થિત રાધાકૃષ્ણ મંદિરથી વ્યારા નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ સ્ટેશન રોડ સ્થિત નર્મદેશ્વર મહાદેવ મંદિર સુધી નીકળી હતી. યાત્રા દરમિયાન વ્યારા નગરમાંથી મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાનના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. બીજી તરફ તાપી જિલ્લામાં કાકરાપાર, કુકરમુંડા અને બુહારી સહિત સોનગઢ નગરમાં પહેલી વખત ભગવાન જગન્નાથજીની રથયાત્રા ભક્તિપૂર્વક અને શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

## કોસંબાની પી.પી. સવાણી યુનિવર્સિટીના આફ્રિકન વિદ્યાર્થીનું અકસ્માત મોત

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નં.૪૮ પર માર્ગ અકસ્માતના બનાવમાં કોસંબા સ્થિત પી.પી.સવાણી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આફ્રિકન મૂળના એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ મૃતક વિદ્યાર્થી પોતાની બાઈક નં.(જીજે-૦૫-એમ.બી. ૬૨૪૫) પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે એક અજાણ્યા વાહનચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે વિદ્યાર્થીએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. ઘટના બાદ અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે અજાણ્યા ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વરમાં નહેરમાં ડૂબી જતાં એકનું મોત

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરની મીઠા ફેક્ટરી નજીક નહેરમાં એક અજાણ્યા વ્યક્તિનું ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતું. ફાયર વિભાગે ત્વરિત કાર્યવાહી કરી મૃતદેહને બહાર કાઢ્યો હતો. બી ડિવિઝન પોલીસે અકસ્માતનો ગુનો નોંધી, મૃતદેહને પીએમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વટારિયાની ગણેશ સુગરે પૂજાવિધિ સાથે વાર્ષિક કામગીરીની શરૂઆત કરી



ભરૂચ: આગામી પીલાણ સિઝન 2026-27 માટે શેરડી પ્રક્રિયાની તૈયારીઓને વેગ આપતાં ભરૂચ જિલ્લાના વટારિયા ખાતે આવેલ શ્રી ગણેશ સુગર ફેક્ટરીએ ગુરુવારે અષાઢી બીજના પાવન દિવસે વિધિવત પૂજા સાથે વાર્ષિક કામગીરીનો શુભારંભ કર્યો હતો. ફેક્ટરીના ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા અને વાઈસ ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડાના હસ્તે મિલ રોલર અને મશીનરીની શાસ્ત્રોક્ત પૂજા-વિધિ કરવામાં આવી હતી. ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા અને વાઈસ ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડાએ જણાવ્યું કે, અષાઢી બીજનો શુભ યોગ મળતાં પૂજાવિધિ સાથે શરૂઆત કરી છે. આ પ્રસંગે કસ્ટોડિયન બોર્ડના ડિરેક્ટર જીતેન્દ્રસિંહ જાદવ, ચંદનભાઈ વસાવા અને ધર્મેન્દ્રસિંહ પરમાર સહિત સંસ્થાના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વરેલીની મિલમાં પહેલા માળેથી પટકાતાં એકનું મોત

પલસાણા: કડોદરા GIDC પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વરેલી ગામે એક શ્રમિકનું ઊંચાઈ પરથી પડી જવાથી મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. યોગીટેક્ષ પ્રોસેસર્સ મિલના કમ્પાઉન્ડમાં દીવાલ પર પ્લાસ્ટર કામ કરી રહેલા શ્રમિકનું સંતુલન બગાડવાને કારણે પહેલા માળેથી નીચે પટકાતાં ગંભીર ઇજા થવાના લીધે મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ દાહોદના ઝાલોદના ફૂલપુરા ગામના વતની અને હાલ પલસાણાના વરેલી ગામે યોગીટેક્સ મિલના કમ્પાઉન્ડમાં રહેતા ૪૧ વર્ષીય મસુલભાઇ તાજસીંગભાઇ ડામોર ગત તા.૧૫/૭/૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૧:30 વાગ્યાના સુમારે મિલની દીવાલ પર પ્લાસ્ટરનું કામ કરી રહ્યા હતા. દરમિયાન ઝૂલા પર કામ કરતી વખતે અચાનક તેમનું શારીરિક સંતુલન ખોરવાઈ ગયું હતું. સંતુલન ગુમાવવાને કારણે તેઓ પહેલા માળેથી સીધા નીચે પટકાયા હતા, જેમાં તેમને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજા પહોંચી હતી. ગંભીર ઇજાને કારણે તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ અકસ્માત અંગે કડોદરા GIDC પોલીસે આ સંદર્ભે અમોત ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### તેના પાસે બાઇક સ્લિપ થતાં યુવકનું મોત

સાયણ: મૂળ બિહારનો શ્રમિક દીપક કામેશ્વર ચૌધરી (ઉં.વ.૨૨) હાલ ચોર્યાસી તાલુકાના ભટલાઈ ગામે તેના કાકા જયલાલ શિવજી ચૌધરી સાથે રહી મજૂરીકામ કરતો હતો. દીપક ગત તા.૧૪ના રોજ રાત્રે ૧૧ વાગ્યાના સુમારે પોતાની બાઇક નં.(એચ. આર-૨૬,એફ.જે-૭૫૨૫) હંકારી ઓલપાડ કાંઠાના તેના બ્રિજ પરથી પસાર થઈ તેના ગામ તરફ આવતો હતો. એ સમયે મો.સા.ની પાછળની સીટ ઉપર તેનો મિત્ર હિમાંશુ રાજ કિશોરસિંગ પણ સવારી કરી રહ્યો હતો. દરમિયાન દીપક ચૌધરીએ બાઇક ગફલતભરી રીતે હંકારતાં તેણે તેના બ્રિજ પાસે કાબૂ ગુમાવ્યો હતો. જેથી મો.સા. સ્લિપ થઈ જતાં દીપકને ગંભીર ઈજા થઈ હતી. જ્યારે મિત્ર હિમાંશુ સિંગને ફ્રેક્ચર થયું હતું. બંનેને સારવાર અર્થે સુરત શહેર ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન દીપકનું મોત થયું હતું. આ બાબતે મૃતકના કાકા જયલાલ ચૌધરીએ ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. રણજીતભાઇ કરી રહ્યા છે.

### બી.એ.બી.એસ. હાઈસ્કૂલના શિક્ષકનો જન્મદિવસ પ્રેરણાનો પ્રસંગ બન્યો



બારડોલી: બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલના વ્યાયામ શિક્ષક નરેશભાઈ પટેલે પોતાના જન્મદિવસની અનોખી ઉજવણી કરી હતી. તેમણે ધોરણ ૯થી ૧૨ના માતા-પિતા વગરના તથા સિંગલ પેરેન્ટ્સના કુલ ૧૦૩ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સાથે જન્મદિવસની ખુશી વહેંચી હતી. આ અવસરે વિદ્યાર્થીઓને નોટબુક, બોલપેન, પેન્સિલ, રબર, સંચો, પાટિયાં સહિતની શૈક્ષણિક સ્ટેશનરી કિટ ભેટ આપવામાં આવી હતી. ઉપરાંત, જરૂરિયાતમંદ કેટલાક વિદ્યાર્થીઓને શાળાના યુનિફોર્મનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના આચાર્યા ચેતનાબેન અધેરા, માધ્યમિક વિભાગનાં સુપરવાઇઝર રેખાબેન પટેલ તથા મુકેશભાઈ દુબે ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઉકાઈ ડેમથી બે કિમી દૂર ચચરબુંદા ગામે વિસ્ફોટક પદાર્થોનું ગોડાઉન સીલ

**ઉકાઈ** ડેમ અને અણુ મથકની સુરક્ષા સામે ગંભીર સવાલ




સોનગઢ: ઉકાઈ વિસ્તારમાં આવેલા સંવેદનશીલ સ્થળોની સુરક્ષાને લઈને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આકસ્મિક તપાસમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ઉકાઈ ડેમ, જે.કે. પેપર મિલ અને થર્મલ પાવર સ્ટેશન જેવા અત્યંત સંવેદનશીલ વિસ્તારોની નજીક ગેરકાયદે રીતે અને સુરક્ષાના તમામ નિયમોને નેવે મૂકીને ચલાવવામાં આવતાં એક વિસ્ફોટક (એક્સપ્લોઝિવ) ગોડાઉનને વહીવટી તંત્ર દ્વારા સીલ કરી દેવામાં આવ્યું છે.

કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટના સીધા માર્ગદર્શન હેઠળ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની ટીમ દ્વારા ઉકાઈના ગુણસદા (ચચરબુંદા) ગામની સીમમાં આવેલી ખાનગી જમીન પરના આ ગોડાઉનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જે ગંભીર બેદરકારી સામે આવી તેણે તંત્રને પણ ચોંકાવી દીધું હતું. ગોડાઉનમાં આગ ઓલવવા માટેના ફાયર સેફ્ટીનાં કોઈ પણ સાધનો હાજર ન હતાં. આટલા જોખમી પદાર્થો રાખવા છતાં ત્યાં ૨૪x૭ સિક્યુરિટી ગાર્ડની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી ન હતી.

સૌથી વધુ ચિંતાજનક બાબત તો એ હતી કે, ગોડાઉનની આસપાસ સુરક્ષા માટેની કોઈ સેફ્ટી વોલ કે સાવચેતી દર્શાવતા ચિહ્નો પણ લગાવવામાં આવ્યાં નહોતાં. વધુમાં, ગોડાઉનની આસપાસ જ્વલનશીલ સૂકું ઘાસ અને ગળતણના થર જામ્યા હોવાનું જોવા મળ્યું હતું, જે કોઈપણ સમયે મોટી દુર્ઘટનાને નોતરી શકે તેમ હતું. વિસ્તારની સંવેદનશીલતા અને ગોડાઉનમાં રહેલી ગંભીર ખામીઓને ધ્યાનમાં લઈને વહીવટી ટીમે તાત્કાલિક અસરથી આ સ્થળને સીલ કરી દીધું છે. આ ઘટનાને પગલે હવે સ્થાનિકોમાં પણ ફફડાટ ફેલાયો છે. જાગૃત નાગરિકોની માંગ છે કે, જો જિલ્લાના અન્ય વિસ્ફોટક સામગ્રી ધરાવતાં ગોડાઉનોમાં પણ આવી જ રીતે કડકાઈથી તપાસ કરવામાં આવે, તો અનેક ગંભીર બેદરકારીઓ બહાર આવી શકે તેમ છે. વહીવટી તંત્રની આ સક્રિય કામગીરીથી નિયમોનો ભંગ કરનારા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઉકાઈ ડેમથી અંદાજિત બે કિમીના અંતરે આવેલું આ બિનવારસી ગોડાઉન કેટલાં સમયથી અને કોના મેળાપીપળાથી ચાલતું હતું એ તપાસનો વિષય છે.

## ભરૂચ જિલ્લામાં ભૂંડના શિકારની આડમાં ચોરી કરનારા ઝડપાયા

**ભરૂચ** LCB ટીમે કુખ્યાત સિકલીગર ગેંગને ઝડપી



ભરૂચ: ભરૂચ પોલીસની LCB ટીમે કુખ્યાત સિકલીગર ગેંગને ઝડપી હતી. ઉમલ્લા, વેલુગામ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ચોરીની ઘટનાઓને અંજામ આપતી આ ટોળકીના બે આરોપીને સુરતથી ઝડપી લેવામાં આવ્યા છે, જ્યારે ત્રીજો સગીર આરોપી હજુ ફરાર છે.

ઉમલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાન્યુઆરીથી એપ્રિલ-2026 દરમિયાન થયેલી ઘરફોડ ચોરીની ઘટનાઓની તપાસ LCB ટીમને સોંપવામાં આવી હતી. ટીમે CCTV ફૂટેજ, ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે તપાસને આગળ ધપાવી હતી. તપાસ દરમિયાન આખી ટોળકીની સંડોવણી સામે આવી હતી. રથયાત્રા દરમિયાન હાજર પોલીસને બાતમી મળી હતી કે, ઉમલ્લા ચોરીમાં સંડોવાયેલા બે આરોપી સુરતમાં બાઇક સાથે જોવા મળ્યા છે. ટીમે તાત્કાલિક સુરત દોડી જઈને કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મોટરસાઈકલ પર જતા બેને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓ રાજવીરસિંગ ઉર્ફે સલીંદરસિંગ રાજાસિંગ સિકલીગર (ઉં.વ.25) (રહે.,કાલાઘોડા સર્કલ, રેલવે ફાટક સામે, રાજપીપળા) અને ક્રિશ્નાસિંગ શેરુસિંગ સરદાર (ઉં.વ.20) (રહે.,ભેસ્તાન આવાસનગર-2, સરદાર ગેટ, સુરત)નો સમાવેશ થાય છે.

ઝડપાયેલા બંને આરોપીએ ઘટસ્ફોટ કર્યો કે અમે ભરૂચ જિલ્લામાં ‘ભૂંડ પકડવાનો ધંધો’ કરતા હતા, પરંતુ આવક ન મળતાં તેઓએ લગભગ પાંચ મહિનાથી ચોરીનો રસ્તો અપનાવ્યો હતો. તેઓ ગામડાંમાં રેકી કરી બંધ મકાનોને જ ટાર્ગેટ કરતા હતા. બંને આરોપીએ પોલીસ સમક્ષ ઉમલ્લા પોલીસ સ્ટેશનની 3 ઘરફોડ ચોરી અને મે-2026માં રાજપીપળામાં થયેલી ચોરીમાં પણ રાજવીરની સંડોવણી સામે આવી છે. રાજવીર ઉર્ફે સલીંદર રાજપીપળા પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ છે. પોલીસે બંને આરોપી પાસેથી યામાહા FZ મોટરસાઇકલ નં.(GJ-05-UE-3137) રૂ.50,000, બે મોબાઇલ ફોન રૂ. 6,000 મળી કુલ રૂ. 56,000 મુદ્દામાલ કબજે કર્યો હતો. બંને આરોપીને ભરૂચ B ડિવિઝનને સોંપવામાં આવશે અને ઉમલ્લા પોલીસને તેની જાણ કરાશે. ફરાર આરોપી બોબીસિંગની શોધખોળ માટે પોલીસ ટીમો દોડી વળી છે.

## કટાસવાણમાં દીપડો પાંજરે પુરાયો

વ્યારા: કટાસવાણના દશેરી ફળિયામાં દીપડો નજરે પડતાં વન વિભાગ દ્વારા પાંજરું મુકાયું હતું, જેમાં ગતરોજ કદાવર દીપડો પુરાતાં ગ્રામજનોને હાશકારો થયો હતો. નોંધનીય છે કે, ગત તા.29 જૂને પણ આ વિસ્તારમાં એક કદાવર દીપડી પાંજરે પુરાઈ હતી. જેને કારણે આ વિસ્તારમાં દહેશતનો માહોલ છવાયો હતો. વનવિભાગ દ્વારા પકડાયેલા દીપડાને જંગલમાં છોડવામાં આવશે.

## પરબની ઓમ ઈન્ડસ્ટ્રિઝમાં ત્રીજા માળેથી પટકાયેલા એકનું મોત

કામરેજ: પરબ ગામે ઓમ ઈન્ડસ્ટ્રિઝના પાર્વતીબા ટેક્સટાઈલમાં રહેતા અને નોકરી કરતા મૂળ યુપીના જયસીંગ રામગોપાલ નિશાદ (ઉં.વ.૩૫) મંગળવારે રાત્રે ત્રીજા માળના રૂમ પાસે બેઠા હતા. દરમિયાન પગ લપસી જતાં નીચે પટકાવાથી સુરતની સ્મીમેર હોસ્પિટલ ખસેડાતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.


Milano MULTIPLEX

બારડોલી

Dhamal 4

10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm

The Odyssey

11:00am, 02:15pm, 05:30pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**Shree Khedut Sahakari Khand Udyog Mandli Ltd., Pandvai**

At. Pandvai, Tal. Hansot, Dist. Bharuch. (P.B. No. 3, Kosamba (R.S.) 394120, Dist. Surat, Gujarat)

Mo. 9925170009, Email : pandvai.sugar@gmail.com / pandvai.sugar@yahoo.co.in

**REQUIRED**

**Estate Manager / CDO : 01 -** Candidate should be B.Sc./M.Sc. (Agri.) with 5-10 years experience of Cane Development Officer in sugar industry.

**Chief Engineer / Dy. Chief Engineer : 01 -** Candidate should be D.M.E./B.E. Mech. with Sugar Engineer & Boiler Proficiency with 5 to 10 years exp. as Chief Engineer.

**Boiler Operation Engineer : 03 -** Candidate should be BE/DME (Mechanical), 2nd Class Boiler Proficiency Engineer with 1 to 5 years experience in sugar / other industry. Fresher's can also apply.

**Safety Officer : 01 -** Candidate should be Graduate with Diploma in Industrial Safety & Environment with 1 to 5 years experience in industries. Fresher's can also apply.

**Mfg. Chemist : 02 -** Candidate should be B.Sc. / Sugar Tech. from AVSI/ANSI with 1 to 2 years experience as a Mfg. Chemist.

**Distillery Chemist : 02 -** Candidate should be B.Sc. with Alcohol Tech. (NSI/VSI) with 2 to 5 years exp. of Distillery Plant.

**Asst. Engineer (Electrical) : 02 -** Candidate should be B.E./Diploma in Electrical with Minimum 5 years' experience in sugar industry handling H.T. Panel, Cable, VFD system is essential. Fresher can also apply.

**Asst. Engineer (Mechanical) : 02 -** Candidate should be DME/BE (Mechanical) with 02 to 03 years experience in sugar/ other industry. Fresher's can also apply.

**Majur Bharati Supervisor : 04 -** Candidate should be 12th Pass / Graduate with 2 to 5 years exp. in sugarcane harvesting in sugar industry.

**Boiler Attendant : 04 -** Candidate should be ITI/1st Class Boiler competency certificate with min. 03 years experience as 1st Class Boiler attendant in Sugar/other industry.

**Instrument Technician : 03 -** Candidate should be I.T.I. Instrument Mechanical with 3 to 5 years exp. of PLC Base Automation, Mill, Boiler Automation & Power Turbine General maintenance in industry.

Interested candidates are invited to apply within 10 days with their complete resume giving full details and certificates copy to above address.

Date : 11-07-2026
Place : Pandvai

(Mukesh Patel)
I/c Managing Director


## તરસાડીમાં PGP ગ્લાસ કંપની દ્વારા ત્રણ કરોડનાં ખર્ચે બનેલાં સ્મશાનગૃહને તરસાડી પાલિકાને અર્પણ કરાયું






સુરત જિલ્લાના કોસંબા-તરસાડી વિસ્તારમાં છેલ્લા ૫૦ વર્ષથી PGP ગ્લાસ લિમિટેડ કંપની સતત સફળતા પૂર્વક કાર્યરત છે. અત્રે ઉલ્લેખનીય છે કે પીજીપી ગ્લાસ લિમિટેડ, જે વર્ષ ૨૦૨૧ થી “બ્લોકસ્ટોન” ગૃપનો અભિન્ન ભાગ તરીકે કાર્યરત છે. તે અગાઉ ગુજરાત ગ્લાસ લિમિટેડ તથા પિરામલ ગ્લાસ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી હતી. કંપનીએ તેના લાંબા ગાળાના ઔદ્યોગિક અનુભવ, ગુણવત્તાપ્રતિ પ્રતિબદ્ધતા અને વ્યાવસાયિક કાર્યપદ્ધતિ દ્વારા ગ્લાસ ઉત્પાદન ક્ષેત્રમાં અગ્રણી સ્થાન સ્થાપિત કર્યુ છે. કંપનીએ તેની લાંબી ઔદ્યોગિક સફરમાં સામાજિક જવાબદારી (CSR) અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં સક્રિય યોગદાન આપે છે. બિનસરકારી સંસ્થાઓ (NGO), ગ્રામ પંચાયત તથા નગરપાલિકા સાથે સંકલન દ્વારા આરોગ્ય, શિક્ષણ અને સામાજિક કલ્યાણ સંબંધિત વિવિધ કાર્યક્રમો અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવ્યા છે. જે કંપનીની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને સ્પષ્ટ કરે છે.

તરસાડી નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતા વિવિધ વિકાસલક્ષી કાર્યોમાં કંપની હંમેશા સક્રિય સહભાગી રહેલ છે. અમોને જણાવતા ખુબજ આનંદ થાય છે કે ચાલુ સ્મશાનગૃહ જે એકદમ જર્જરિત હાલતમાં હોઈ તથા રહેવાસીઓને ખુબજ અગવડતા પડતી હોવાથી તરસાડીના નગરજનો તેમજ આસપાસના ગામના રહેવાસીઓ માટે પર્યાવરણલક્ષી તથા અતિ આધુનિક સ્મશાનગૃહની ખુબજ જરૂરત હોઈ તેને ધ્યાનમાં લઈ પીજીપી ગ્લાસ દ્વારા લોકોની મૂળભૂત જરૂરિયાતો અને માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરવાના શુભ હેતુથી અંદાજિત રૂપિયા ૩ કરોડ ના ખર્ચે અતિઆધુનિક તેમજ પર્યાવરણલક્ષી સ્મશાનગૃહનું નિર્માણ કરેલ છે તેને તા. ૧૩-૦૭-૨૦૨૬ ના રોજ તરસાડી નગરપાલિકાના મુખ્ય અધિકારી તેમજ અન્ય હોદ્દેદારોની હાજરીમાં આ નવનિર્મિત મુક્તિધામ (સ્મશાનગૃહ) તથા તેની સાથે સંકળાયેલ તમામ સુવિધાઓ, સાધનો અને અન્ય સંપત્તિનું તરસાડી નગરપાલિકાને સત્તાવાર રીતે સહર્ષ અર્પણ કરેલ છે. આ સાથે આપશ્રીને વિનંતી છે કે જૂનું સ્મશાન ગૃહ જે જર્જરિત હાલતમાં છે અને ઉપયોગ કરવા લાયક ન હોવાથી તે સ્મશાન ગૃહને તાત્કાલિક અસરથી બંધ અને નાબૂદ કરી નવનિર્મિત અતિઆધુનિક સ્મશાન ગૃહનો ઉપયોગ કરવો. ટૂંક સમયમાં આ જગ્યાએ જમીનનું લેવલિંગ કરી સમતળ કરવાનું આયોજન કરેલ છે. આ હસ્તાંતરણ હેઠળ મુખ્ય સ્મશાનગૃહ ભવન, પ્રાર્થના ભવન, ગેસ આધારિત અગ્નિસંસ્કાર ભઠ્ઠી, લાકડા આધારિત અગ્નિસંસ્કાર ભઠ્ઠી, બેઠક વ્યવસ્થા, શિવ પ્રતિમા, ચિમની, બ્લોઅર, લાકડાનો ભંડારરૂમ, સુરક્ષા ઓફિસ, એડમિન ઓફિસ, દેખરેખ રાખનારનો રૂમ, સ્ત્રીઓ અને પુરુષો માટેના શૌચાલય, આંતરિક રસ્તાઓ, કમ્પાઉન્ડ વોલ, સ્ટ્રીટ લાઈટ, પાણી અને વીજળીની સુવિધાઓ સહિત અન્ય સંબંધિત તમામ મિલ્કતોનો સમાવેશ થાય છે. તેની વિગત પરિશિષ્ટ ‘અ’ માં દર્શાવેલ છે.

આ મિલકત અને સંપત્તિનું બંને પક્ષોના પ્રતિનિધિઓ દ્વારા સંયુક્ત નિરીક્ષણ કરવામાં આવેલ છે. આજની તારીખથી ઉપરોક્ત મુક્તિધામ તથા તેની તમામ સુવિધાઓનું સંચાલન, જાળવણી, સુરક્ષા, કામગીરી અને ભાવિ ઉપયોગની જવાબદારી તરસાડી નગરપાલિકાની રહેશે, તેથી વિનંતી છે કે પરિશિષ્ટ-‘અ’ મુજબ દર્શાવેલ તમામ મિલકત, સાધનો તથા દસ્તાવેજોની પ્રાપ્તિની નોંધ લઈ નીચે દર્શાવેલ સ્વીકૃતિ વિભાગમા સહી કરી હસ્તાંતરણ કરેલ છે. આ પ્રોજેક્ટના સફળ અમલીકરણમાં તરસાડી નગરપાલિકાના મુખ્ય અધિકારી તેમજ તમામ હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરીએ છીએ કે આ સમાજલક્ષી કાર્ય કરવા માટે અમોને તક આપી અને અમને વિશ્વાસ છે કે આ સુવિધા જનહિતમાં અસરકારક રીતે સંચાલિત થશે.

નગરમાં અત્યંત અત્યાધુનિક અને આકર્ષક ડીઝાઈનમાં નિર્માણ થયેલા મુક્તિધામથી નગરજનો ખુશ ખુશાલ